**BRAMPTON** **Media Release**

ત્વરિત જાહેરાત માટે

# બ્રૅમ્પટન ઉજવશે વર્ચુઅલ રાષ્ટ્રીય યુવા સપ્તાહ (National Youth Week) મે 1લી થી 7મી સુધી

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (27 એપ્રિલ 2021) – સિટી ઓફ઼ બ્રૅમ્પટન મે 1લી થી 7મી સુધી વર્ચુઅલ ઈવેન્ટ્સના સથવારે ઉજવશે રાષ્ટ્રીય યુવા સપ્તાહ (National Youth Week). રાષ્ટ્રીય યુવા સપ્તાહ (National Youth Week) યુવા વર્ગ અને તેમની સમાજમાં સક્રિય સહભાગિતાની ઉજવણી કરવા માટે સમર્પિત છે.

યુવાનોને અમારી સાથે તેમજ અમારા ભાગીદારો સાથે આખા સપ્તાહ દરમિયાન થનાર 40 નિઃશુલ્ક વર્ચુઅલ ઈવેન્ટ્સમાં જોડાવાનું આમંત્રણ છે જેમાં સામેલ છે કિક ઓફ઼ ઈવેન્ટ જે મે 1લીના રોજ સાંજે 1 થી સાંજે 5 સુધી હાથ ધરાશે. નેતૃત્વ, માનસિક સ્વાસ્થ્ય, ઉદ્યમવૃત્તિ, સામાજિક પ્રવૃત્તતા અને બીજી ઘણી બાબતો પર પ્રેરણાદાયી વક્તાઓને સાંભળો અને તેઓ સાથે જોડાઓ.

વ્યાયામના વર્ગો, સ્વ-સંભાળ વર્કશોપ અને માનસિક આરોગ્ય તેમજ યુવા હિમાયત અંગેની ચર્ચાઓ સહિતના વર્ચુઅલ સત્રો માટે નોંધણી કરો. શેરિડન કૉલેજના પોસ્ટ સેકન્ડરી એડ્યુકેશન મેળવવા અંગેના ઈવેન્ટમાં જોડાઓ; પંજાબી સામાજિક આરોગ્ય સેવાઓના રોજગાર આપવાના ઈવેન્ટમાં સહભાગી થાવ અને શેફ઼ રિક મથારૂ પાસેથી પકોડા બનાવતા પણ શીખો જેઓ ફૂડ નેટવર્ક કૅનેડાના રેસિપિ ટૂ રિચિઝના એક સમયના વિજેતા છે.

પ્રસ્તુત ઈવેન્ટ્સમાં સામેલ છે મે ૧લી એ કિક ઓફ઼ ઈવેન્ટ, મે 3જીએ વી પ્લે ટૂ - ગર્લ્સ એન્ડ વિમેન ઈન સ્પોર્ટ્સ લીડરશીપ કોન્ફરન્સ અને મે 7મીએ એક વર્ચુઅલ ડાન્સ. પ્રસ્તુત ઈવેન્ટ્સમાં હાજર રહેનારને મફત મિડિયમ વન-ટોપિંગ ડોમિનો પિત્ઝાનો કુપન કોડ પ્રાપ્ત થશે અને સાથે જ જોરદાર પારિતોષિક જીતવાનો અવસર મળશે જેમકે EB ગેમ્સ ગિફ્ટ કાર્ડ, નિન્ટેન્ડો સ્વિચ કોન્સોલ પ્રાઈઝ પૅક, અને ડોમિનો પિત્ઝા પ્રાઈઝ પૅક. ડોમિનોના પારિતોષિકો ફક્ત બ્રૅમ્પટનમાં આવેલ લોકેશનો પર જ વટાવી શકાશે.

પ્રત્યેક ઈવેન્ટ માટે રજિસ્ટ્રેશન કરાવવું આવશ્યક છે! આખા સમયપત્રક અને આ નિઃશુલ્ક સત્રોમાં રજિસ્ટર કરાવવા માટે અહીં ક્લિક કરો.

ચૂકતા નહીં! ડાન્સ કરો, આગળ વધો અને સ્પોટિફાય પર આપણા રાષ્ટ્રીય યુવા સપ્તાહના પ્લેલિસ્ટથી ઉજવણી કરો. સાંભળવા માટે અહીં ક્લિક કરો

**બ્રૅમ્પટન ફાયરની વર્ચુઅલ ફાયર સ્ટેશન ટૂર**

શું તમને ક્યારેય થયું છે કે ફાયર સ્ટેશનની અંદર કેવું હશે? ગુરૂવાર 06 મે 2021ના રોજ સાંજે 06:30 થી સાંજે 07:15 બ્રૅમ્પટન ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસ સાથે ફાયર સ્ટેશનની ટૂર માટે જોડાઓ. બ્રૅમ્પટનના અગ્નિશામક સૈનિકો તમને એક જોરદાર મુસાફરી કરાવશે, જ્યાં તેઓ વાપરે તે ઓજારોથી માંડીને તેમને કટોકટીઓ વખતે સુરક્ષિત રાખે છે તેવા સરંજામનો પરિચય કરાવશે! Q&A માટે તમારા પ્રશ્નો લેતા આવશો. અહીં રજિસ્ટર કરાવો.

**દ રોઝ ખાતે સેંટર સ્ટેજ કન્ઝરવેટરી**

રાષ્ટ્રીય યુવા સપ્તાહ દરમિયાન દ રોઝ બ્રૅમ્પટન 2020-2021 સેંટર સ્ટેજ કન્ઝરવેટરીના સહભાગીઓને સોશ્યલ મિડિયા મારફતે ચમકાવશે, જે બ્રૅમ્પટનના યુવા કલાકારો માટે એક તાલીમલક્ષી અને વ્યવસાયલક્ષી વિકાસનો કાર્યક્રમ છે. આ વસંત ઋતુમાં તેમના અંતિમ પ્રદર્શન માટે સહભાગીઓ તૈયારી કરી રહ્યા છે. વધુ માહિતી માટે અહીં ક્લિક કરો.

**યુવાનો માટે ઇન્સ્ટાગ્રામ લાઇવ ચૅટ**

રાષ્ટ્રીય યુવા સપ્તાહની ઉજવણીમાં એપ્રિલની 30મીએ સાંજે 6 વાગ્યે મેયર પેટ્રિક બ્રાઉન, કાઉન્સિલર શેરમેન વિલિઅમ્સ અને સિટી કાઉન્સિલર હરકિરત સિંઘ સાથે જોડાઇને આવનાર વર્ચુઅલ પ્રવૃત્તિઓ વિશે સાંભળો અને છેલ્લામાં છેલ્લા COVID-19 પ્રતિબંધોની ચર્ચા કરો. વાર્તાલાપ મેયર બ્રાઉનના એકાઉન્ટ @patrickbrownont પરથી પ્રસારિત થશે.

**COVID-19 યુથ સપોર્ટ ટાસ્ક ફોર્સ**

સિટી ઓફ બ્રૅમ્પટન COVID-19 યુથ સપોર્ટ ટાસ્ક ફોર્સની આગેવાની સિટી કાઉન્સિલર શેરમેન વિલિયમ્સ (Charmaine Williams) અને સિટી કાઉન્સિલર હરકિરત સિંઘ (Harkirat Singh) સાથે મળીને કરશે. સંસાધનો અને ટેકો પૂરો પાડીને, 40 થી વધુ યુવા-સેવા આપતી સ્થાનિક સંસ્થાઓ સાથે જોડાણ કરીને, યુવાનોને ઘરે ઓનલાઇન પ્રવૃત્ત રાખીને ટાસ્ક ફોર્સ COVID-19 રોગચાળા દરમિયાન 14 થી 29 ની વયના બ્રૅમ્પટનનાં યુવાનોની જરૂરિયાતો પૂર્ણ કરશે. વધુ માહિતી માટે અહીં ક્લિક કરો.

**યુથ ફ્રેન્ડલી કમ્યુનિટી ડેઝિગ્નેશન (Youth Friendly Community Designation)**

2020માં, પ્લે વર્ક્સ (Play Works) દ્વારા સિટી ઓફ બ્રૅમ્પટનને પ્લૅટિનમ સ્ટેટસ યુથ ફ્રેન્ડલી કમ્યુનિટી ડેઝિગ્નેશન પ્રાપ્ત થયું જે પાર્ક્સ એન્ડ રિક્રિએશન ઓન્ટારિયો દ્વારા સહાય મેળવતો કાર્યક્રમ છે. સિટીને આ વખતે ત્રીજી વખત તેમની યુવા વિકાસની તકો તરફની ઉત્કૃષ્ટ પ્રતિબદ્ધતા માટે પુરસ્કૃત કરવામાં આવેલ છે અને 2020માં ટોચનું પ્લૅટિનમ ડેઝિગ્નેશન મેળવનારા ત્રણ સમુદાયો પૈકી એક છે. વધુ જાણવા માટે અહીં ક્લિક કરો.

**સુવાક્યો**

"મે 1 થી મે 7 સુધી રાષ્ટ્રીય યુવા સપ્તાહના ઉપક્રમે અમે બ્રૅમ્પટનના યુવાનોને વધાવી લેતા રોમાંચિત છીએ. બ્રૅમ્પટન કૅનેડાના સૌથી યુવાન શહેરો પૈકી એક છે જેમાં 130,000 કરતા વધુ યુવાનો 14 થી 29 વયના છે. સપ્તાહ દરમિયાન હું તમામ યુવાનોને રજિસ્ટર થવા અને મારા ઇન્સ્ટાગ્રામ પર એપ્રિલ 30મીએ કાઉન્સિલર વિલિઅમ્સ અને કાઉન્સિલર હરકિરત સિંઘ સાથે લાઇવ ચૅટ ફોર યુથમાં જોડાવા પ્રોત્સાહિત કરું છું."

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"રાષ્ટ્રીય યુવા સપ્તાહની શુભેચ્છાઓ! બ્રૅમ્પટનના યુવાનો આપણા આવતીકાલના આગેવાનો છે અને અમે તેઓને સફળ થવામાં મદદરૂપ થાય એવા ઇવેન્ટ્સ અને તકો ઊભી કરવા માટે સમર્પિત છીએ. મે 1થી 7મી સુધી સિટી અને તેમના સામાજિક ભાગીદારો દ્વારા તમારે માટે યોજાયેલ આશરે 40 જેટલા ઇવેન્ટ્સમાંથી એક, બે, દસ કે પછી તમામમાં જોડાશો."

- *રોવેના સાન્તોસ, રીજનલ કાઉન્સિલર , વૉર્ડ 1અને 5; પ્રમુખ, કમ્યુનિટી સર્વિસિસ, સિટી ઓફ બ્રૅમ્પટન*

"બ્રૅમ્પટન આરોગ્યપ્રદ અને સુરક્ષિત શહેર હોવા સાથે તકોનું શહેર છે જ્યાં યુવાન લોકો શીખે છે અને વિકાસ પામે છે. યુવાનો આપણા સમાજનો મહત્ત્વનો ભાગ છે અને અમે તેમને સહભાગિતા માટે પ્રેરિત કરવાનું લક્ષ્ય સેવીએ છીએ જેથી નેતૃત્વની તકો વધે અને તેમની સુખાકારીમાં સુધારા આવે. આખા સપ્તાહ દરમિયાન ગમ્મતભર્યા રાષ્ટ્રીય યુવા સપ્તાહમાં જરૂરથી રજિસ્ટર થશો.

- ***શેરમેન વિલિયમ્સ (Charmaine Williams)*** *સિટી કાઉન્સિલર વૉર્ડ 7અને 8, ઉપ-પ્રમુખ, કમ્યુનિટી સર્વિસિસ, સહ-પ્રમુખ, યુથ સપોર્ટ ટાસ્ક ફોર્સ, સીટી ઓફ બ્રૅમ્પટન*

"સિટીના કર્મચારીગણ મે 1લી થી 7મી સુધી રાષ્ટ્રીય યુવા સપ્તાહ માટેની ગતિશીલ અને વર્ચ્યુઅલ ઈવેન્ટ્સથી બ્રૅમ્પટનના યુવાનોને વધાવી લેવા માટે પ્રતિબદ્ધ છે. આ વર્ષે સંજોગો જોતા આપણે વ્યક્તિગત રીતે તો ભેગા નહીં મળી શકીશું પરંતુ સપ્તાહ દરમિયાન અમારી ટીમે પ્રસંગોની એક રોમાંચક શ્રેણી યોજી છે. હું દરેકજણને સાઈન અપ કરીને આ ગમ્મતમાં જોડાવા આહ્વાન કરું છું!"

- *ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કેનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ (Media and Community Engagement)
વ્યૂહાત્મક સંવાદ (Strategic Communication)
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca